ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૫.૫ ડીગ્રી
લઘુતમ : ૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૩૦ ટકા

# ૨૦૨૦ આપણને શું શીખવી ગયું ?

## શહેરના વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિત્વ કરતા અગ્રણીઓની ગાંધીનગર સમાચાર સાથે નિખાલસ વાતો

ગાંધીનગર, તા.૨૯

**કોરોનાના કહેરથી સમગ્ર દુનિયા પ્રભાવિત છે. માનવજાત માટે આફતરૂપ કોરોનાથી બચવા માટે છેલ્લા એક વર્ષથી સૌ કોઇ મથી રહ્યા છે. મહામારીથી બચવા નવા સંશોધનો અને ઉપાય શોધવા માટે પણ દુનિયાના સૌ બુધ્ધિશાળી પ્રતિભાઓ કામે લાગી છે. કોરોનાએ દુનિયામાં સેંકડો નાગરિકોના માથેથી વડીલોના હાથ છીનવી લીધા છે તો ઘણાં માસુમ બાળકો અનાથ બનાવી દીધા છે. ચોમેર કાળમુખા કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. આવા કપરા સમયમાં સારું શું.. એ વાત પણ જરા વિચારવા લાયક બની જાય તેમ છે. પરંતુ કોરોનાની કપરી કસોટી વચ્ચે સેંકડો જીવ જીવન જીવતા નથી પરંતુ જાણે કે જીરવી રહ્યા છે. કોરોનાની મહામારીમાં સંબંધોના સમીકરણો પણ બદલી નાંખ્યા હોય તેવી દયાજનક સ્થિતિ સર્જાઇ છે. આમછતા આ કપરા સમયમાંથી સાગરમાંથી મોતી શોધાય તેમ જીવનના સાચા મુલ્યોને સાર્થક કરતી હકીકતો પણ સ્પષ્ટ થઇ છે. દંભ દેખાડા સહીતના દુષણો માનવજીવનમાંથી વરાળની જેમ વિખેરાતા જાય છે. બુધ્ધિજીવીઓના મતે કોરોનાની પોઝિટીવ સાઇડ ઇફેક્ટ પણ માનવ જીવન માટે ઉપકારી સાબિત થાય તેમ છે. પ્રત્યેક નાગરિકને જીવનનો સાચો આનંદ લેવાની સમજ અને શીખ પણ આ સમયમાં મળી છે. બિનજરૂરી ખર્ચ ન કરવા, મર્યાદાનુ સુત્ર બધે અપનાવવુ, આરોગ્ય બાબતે સજાગ રહેવુ અને દેખાડાથી દુર રહેવા સહીતની ઘણી બાબતો કોરોના કાળમાં નાગરિકો માટે નવા પથનુ નિર્માણ કર્યુ છે. જે સાચે જ માનવજીવનના મુલ્યને સાર્થક કરે તે દિશામાં લઇ જાય છે....**

●●●

**કપરા સંજોગો અને ભયંકર પરિસ્થિતિની સામે અડગ ઉભા રહેતા આ વર્ષ શીખવી ગયું**



૨૦૨૦નું વિદાય લેતું વર્ષ મર્યાદિત જરૂરિયાત સાથે જીવતા શીખવાડતું ગયું. સાથે સાથે સામાજીક અને પારિવારીક જીવનની વાસ્તવિકતાનો પરિચય પણ કરાવતું ગયું. વિશેષ તો કોઈ પણ કપરા સંજોગો અને ભયંકર પરિસ્થિતિની સામે પણ કેમ અડગ ઉભા રહેવું અને તમામ પરિસ્થિતિઓનો સામનો કરવા માનવી સ્વયં પરિપકવ અને સક્ષમ છે તેની વાસ્તવિકતાનો પરિચય કરાવતું ગયું સાથે મજબુત મનોબળ ટકાવી રાખવાનું શીખવાડી ગયું.

**- શાંતિલાલ ઘોઘારી, વેપારી**

●●●

**દોડ દોડ કરીને જ નહી ઘરે બેસીને પણ જીવાય તે શીખ્યા**



વર્ષ ૨૦૨૦ મને ઘણું બધું શીખવી ગયું. એક બિઝનેસમેન તરીકે લાગ્યું કે હાથ નીચે કામ કરતા કર્મચારીનો હું બોસ નથી વાલી પણ છું. પૈસો એ સર્વસ્વ નથી. માનવજીવન સર્વસ્વ છે. પૈસાથી જીંદગી ખરીદી શકાતી નથી. એકલા પણ જીવી શકાય છે તેમ સમજાયું. દોડદોડ કરીને નહી ઘરે બેસીને પણ જીવાય તે આ વર્ષે શીખવ્યું. વળી સાથે સમજાયું કે કુદરત મહાન છે અને માનવ લાચાર છે. ડોકટર, મેડીકલ સ્ટાફ અને વોલીયન્ટર્સનું મહત્વ પણ સમજાયું.

**- રમેશ પટેલ, કેપીટલ ઓફસેટ**

●●●

**આ વર્ષે શીખવ્યું કે થોડું હશે તો ચાલશે પરંતુ પરિવાર વગર બધું જ માઠું લાગશે**



૨૦૨૦એ જીવનમાં નાની નાની વસ્તુનું મહત્વ સમજાવી દીધું. ભાગદોડની જીંદગીમાં પોતાના પરિવારને સાથ આપતા શીખી ગયા. સમજી ગયા કે થોડુંક ઓછું હશે તો ચાલશે પરંતુ પરીવાર વગર બધું માઠું લાગશે. પચાસ પકવાન એકલા માણવા કરતા એક પકવાન બધા બેસીને માણે તે મજા જ કાંઈક અલગ છે તે આ સમયે સમજાયું. દીકરીની વિદાય ઘર આંગણેથી કેટલી સુંદર છે તે કોરોનાએ શીખવ્યું. જીવનની અમૂલ્ય બાબતો સાથે જીવનનું મહત્વ આ વર્ષ શીખવી ગયું.

**- બિંદી ગજ્જર, ડેન્ટીસ્ટ**

●●●

**કોવિડે તો જીવન જીવવાની નીતિ રીતિ જ બદલી નાખી**

એકવીસમી સદીનું વીસમું વર્ષ દેશ અને દુનિયા માટે એકંદરે ખૂબ વસમું રહ્યું. આ વર્ષ પર કોવિડ-૧૯ નું આધિપત્ય ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે.



ભારતીય સંસ્કૃતિએ આપણને શીખવ્યું છે કોઈ દુઃખમાં હોય તો તેની પાસે સામેથી દોડી જવું. એની પડખે ઊભાં થઈ જવું. પણ આ કોવિડે તો જીવન જીવવાની નીતિ રીતિ જ બદલી નાખી. છતાં જીવનભર યાદ રહે તેવી દુઃખદ અને દારુણ યાદોની સાથોસાથ આ વર્ષ આપણને ઘણું ઘણું શીખવી પણ ગયું.

જેમ કે સામેથી દોડી જવા કરતાં દૂરથી આપણા સ્વજન સાથે કેવી રીતે જોડાઈ રહેવું, સ્પર્શ્યા સિવાય આપ્તજનોને હૂંફની અનુભૂતિ કેમ કરાવવી, જોજનો દૂર છતાં હૈયાથી સમીપ હોવાની અનુભૂતિ સૌને કેમ કરાવવી, ગમે તેવા કપરા સમયમાં વિચલિત થવાને બદલે દૃઢ મનોબળને કેમ ટકાવી રાખવું, જિજીવિષાને નજીકથી જોવી-જાણવી, સંયમની કેળવણી, પોતાની જાત પ્રત્યેની ખેવના, યોગ, પ્રાણાયામ, વગેરે વગેરે આવું શિક્ષણ તો કોવિડ જ આપી શકે!

**- કિશોર જીકાદરા, લેખક**

●●●

**કુટુંબ સાથે રહેવાનો સમય મળ્યો**



મને જીવન જીવવાની પધ્ધતિ શીખવા સાથે કુટુંબ સાથે રહેવાનો સમય મળ્યો. રાજય/કેન્દ્ર સરકાર તથા મહાનગરપાલિકા દ્વારા જે કોરોના પ્રોટોકોલ જાહેર કરવામાં આવ્યા હતા તે મુજબ તેને અનુસરતા શીખ્યા અને હજી પણ તે મુજબ સેપ લઈ રહ્યા છીએ. આત્મનિર્ભર બનવા સાથે મારાથી બને તેટલી જો કામદારોને મદદ કરી તેમની આજીવિકાને નુકશાન ન થાય તેવા પ્રયત્ન કરવા સાથે પોતાની સ્વસ્થતા માટે પણ મને જાગૃતતા આવી તેમાં કોરોનો ફાળો છે.

**- પ્રવિણભાઈ પટેલ, પૂર્વ મેયર**

●●●

**આર્ટની કિંમત કરી સેલ્ફ સેટીસ્ફેકશન સાથે કામ કરતા શીખ્યા**

કોરોનાએ આ વર્ષે મને ગૃહિણીમાંથી વર્કીંગવુમન બનાવી દીધી.



હું લાડકોડમાં ઉછરી છું. કયારેય મને કોઈ ચીજ વસ્તુની કમી નથી પડી. પૈસા કમાવવું કયારેય પ્રાયોરીટી નહોતી રહી અને છેલ્લા ઘણા વર્ષથી હું મારા મિત્રોને મારા કેકના એકસપરીમેન્ટ ટ્રાય કરાવતી અને ચખાડતી. મેં ઈમોશનલ લેવલે ઘણું કામ કર્યુ છે પરંતુ મટીરીયલ લેવલે નહતું કર્યુ પણ કોરોના આવ્યો ત્યારે મને થયું કે મારે મારા આર્ટની કિંમત કરવી જોઈએ અને સેલ્ફ સેટીસ્ફેકશન માટે કામ કરવું જોઈએ. આખી જીંદગી જીવી લીધા બાદ કાંઈક કર્યાનો અહેસાસ તો થશે. મારા મતે દરેકે સેલ્ફ સેટીસ્ફેકશન માટે કામ કરવું જોઈએ.થેન્કયુ કોરોના. મેં વર્ષ ૨૦૨૦માં મારી હેલ્થ સાચવવા સાથે આવતા વર્ષમાં ટેસ્ટી કેક બનાવવાની પધ્ધતિ પણ શોધી લીધી છે.

**- રૂચિ થાનકી, એન્ટરપ્રેન્યોર**

●●●

**ગયેલા સમયથી એક જ સંતોષ છે, કે તે કયારેય પાછો નથી આવવાનો**

સમગ્રતાથી જોઈએ તો આપણામાંથી કોઈને ૨૦૨૦ની મીઠી યાદો નહીં જ હોય. કોરોના-કાળ તો જાણે A.C. અને B.C. સમાન બની રહેવાનો છે. આફટર કોરોના અને બીફોર કોરોના.



પરંતુ એક વાત છે, કે ગત વર્ષ ભલે કોઈ મીઠા સંભારણા ન આપતું ગયું હોય, પરંતુ ગયેલો સમય જીવનની મહત્તા તો સમજાવી જ ગયો છે.

આયુષ્યની એક ક્ષણ રત્નોથી પણ મેળવી શકાતી નથી. તે આયુષ્યને જે વ્યર્થ બરબાદ કરે છે, અરેરે, તે કેટલો આળસુ છે.

આયુષ્ય-જીવન-સ્વાસ્થ્ય-સ્વચ્છતા-પરિવાર જેવા વિસ્મરાયેલા વિષયોનું મહત્ત્વ સમજાવવા માટે પણ ૨૦૨૦ને માત્ર બાય નહીં ગુડબાય તો કહેવું જ પડે..

**- ડો. જય ઓઝા (સંસ્કૃત અધ્યાપક, ચિલ્ડ્રન્સ યુનિ.)**

●●●

**કોરોનાએ અલગ રીતે જીવતા શીખવાડયું**



કોરોનાએ મને અલગ રીતે જીવતા શીખવાડયું. સોલ્યુશન શોધતા શીખવાડયું. આ સમય એવો છે કે નીડર બનીને કોરોનાના નિયમનું પાલન કરી જીવવાનું છે. જો ડર ગયા સો મર ગયા અને જેણે સોલ્યુશન નિકાળ્યું તે તરી જાય છે.

**- કમલ જૈન**

●●●

**હંમેશા હકારાત્મક રહેતા શીખ્યા**



કોરોનાએ મને હંમેશા હાકારાત્મક અને કાર્યાત્મક રહેતા શીખવ્યું. જીંદગી એ હંમેશા કાંઈક શીખવાડતી રહે છે. અને મેં આ વર્ષે મારી ફીટનેસ પ્રત્યે ધ્યાન આપી નવા ધ્યેય નિશ્ચિત કર્યા છે.

**- નિસર્ગ પટેલ, બિલ્ડર**

●●●

**એકબીજાની મદદથી જાતે કામ કરવું કેટલું સરળ છે તે સમજાયું**

કોરોના એટલે એકાંત, પીડા, ભય, ચેપ અને અઢળક સલાહનો રીતસર મારો! કોરોના થાય એ બધા કંઈ મરી જ જાય એવું નથી જ અને છતાં કોરોના પોઝીટીવ દર્દી વધુમાં વધુ નેગેટીવ



વિચાર કરતો થઈ જ જાય છે. કોરોનામાં મને ડગલે ને પગલે ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. રોજ નવી તકલીફો, રોજ નવા ભય, રોજ નવા પ્રશ્નો ચાલતા જ રહ્યા. અને છતાં કોઈ ને કોઈ સ્વરૂપે મદદ, હૂંફ,હિંમત મળતા જ રહ્યા. એક જ પરિવારના ૫ સભ્યો એકસાથે કોરોના પોઝિટિવ આવે એનાથી મોટી કસોટી બીજી કોઈ હોઈ જ ન શકે એવું લાગેલું. કોરોનાએ બહુ જ દ્રઢ રીતે અમુક માન્યતાઓ સદંતર બદલી નાખી. જેની અપેક્ષા પણ ન હોય એવા લોકો સહજ રીતે જ મદદરુપ બન્યા અને જેની રાહ હતી તેવા કેટલાક દૂર પણ રહ્યા.

જ્યાં એકમેક સાથે નિરાંતે વાત કરવા પણ સમય ચોરવો પડતો હતો ત્યાં કોરોનાએ ડોકટર પતિને વધુ વ્યસ્ત બનાવી દીધા. જો કે પરિવારમાં લાગણી અને હૂંફનું પ્રમાણ વધ્યું. પરસ્પર એકબીજાના કામને સન્માનવાની નવી પરંપરા શરુ થઈ. એકબીજાની મદદથી જાતે કામ કરવું કેટલું સરળ છે એ હવે સમજાયું. શારીરિક તકલીફો વધી છતાં વ્યક્તિગત રીતે મેં મારામાં મને ખૂબ વિકસતી અનુભવી. વર્ષના અંતે જીવતા રાખીને આ સરવૈયું લખવાનો મોકો આપવા માટે તેમ જ આવા નવતર અનુભવથી છલોછલ ભરેલા વર્ષ માટે ઈશ્વરનો ખૂબ આભાર.

**- નેહલ ગઢવી, લેખિકા**

●●●

**ઘરની અંદર જ બધી ખુશીઓ સમાયેલી છે**

વર્ષ ૨૦૨૦એ 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવતને સાર્થક



કરીને સવારે એક કલાક યોગ, પ્રાણાયામ, ધ્યાન અને પ્રાર્થના, હળદરવાળું દૂધ, આયુર્વેદિક ઉકાળો, સમતોલ આહાર, ગ્રીન ટી, લીંબુનું શરબત, સાંજે ચાલવાનું, વરાળનો નાસ અને સંગીત એ દિનચર્યાનો મુખ્ય ભાગ બની ગયો છે.

લોકડાઉનમાં પરિવારના સૌ સભ્યો સાથે ઘરમાં લાંબા સમય સુધી સાથે રહેવા મળ્યું ત્યારે શીખવા મળ્યું કે ઘરની અંદર જ બધી ખુશીઓ સમાયેલી છે. ઘરના કામો જાતે કરીને અને જરૂરિયાતોને નિયંત્રિત કરીને નાણાંકીય બચત કરી શકાય છે. કોરોના સંકટ ઉપર હામી થવા ઓનલાઈન અખબારો, સોશીયલ મીડીયા-વોટસએપ, ઈન્ટરનેટ, ફેસબુક, ગુગલની ટેકનોલોજી શીખવા મળી છે. મારા જ્ઞાન-વિજ્ઞાનની જાણકારીમાં વધારો થયો છે.

કોરોના સંક્રમણ સામે સંઘર્ષ કરનાર મંત્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, તબીબી જગત, આવશ્યક ફરજ બજાવનાર સૌ કર્મીઓ અને ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાની કાર્યકુશળતા પુરવાર કરી છે તેમને સલામ કરવાનું આ વર્ષે શીખવાડયું છે.

**- જસવંત ગાંધી**

●●●

**કોરોનાની મહામારીમાં તમામ અધિકારી-કર્મચારીએ ખભેથી ખભો મિલાવી કામ કર્યું**

નવા વર્ષનો આનંદ માત્ર ક્ષણિક રહ્યો હતો. કોરોનાની વૈશ્વિક



મહામારીમાં ડોકટર્સ, નર્સ, સહિત સ્ટાફના કર્મચારીઓએ રાત દિવસ કામ કર્યું છે કોરોનામાં ડોકટર્સ દ્વારા જીવના જોખમે દર્દીઓની સારવાર કરી છે. કોરોના સમયમાં ફરજ બજાવેલા તમામ કર્મચારીઓમાંથી એક પણ કર્મચારીએ વધારાનું મહેનતાણું નથી માંગ્યું. કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીના સ્વજનો કાંધ દેવા પણ તૈયાર ન હતા ત્યારે હોસ્પિટલના કર્મચારીઓએ કાંધ આપી અંતિમધામ ખાતે લઈ ગયા હતા. કોરોનાની મહામારીમાં તમામ અધિકારી-કર્મચારીએ ખભેથી ખભા મિલાવી કામ કર્યું છે તેનો મને ગર્વ છે.

**- ડો. નિયતી લાખાણી**
**(સિવિલ સુપ્રિટેન્ડન્ટ ગાંધીનગર એચ.ઓ.ડી. સર્જરી વિભાગ)**

●●●

**હોટલનુ ખાવાના ચટકા રાખવાના બદલે ઘરનુ ખાવાનુ વધુ સ્વાદિષ્ટ બની શકે છે**



વિદાય લેતા વર્ષ ૨૦૨૦માં એ ચોક્કસ શિખવા મળ્યુ કે બાળકો સાથે રમવુ જોઇએ તેને સમય આપવો જોઇએ. હોટલનુ ખાવાના ચટકા રાખવાના બદલે ઘરનુ ખાવાનુ વધુ સ્વાદિષ્ટ બની શકે છે. પૈસાની બચત કરવાનો અભિગમ પણ આ વર્ષમાં વધુ મજબુત બન્યો છે. જયારે શિક્ષણ જગતમાં માત્ર યુ ટયુબના માધ્યમથી આખી દુનિયાને શિક્ષણ આપવાની પણ નવી પહેલ થઈ શકી છે. જયારે બહારથી આવીને જુની પ્રણાલી મુજબ સ્નાન કરવાનુ અને અબોલ જીવને ખવડાવી આત્મ સંતોષનો આનંદ વ્યકત કરતા પણ આ વર્ષે શિખવાડ્યુ છે. જીવનમાં પ્રથવાર આટલુ લાંબુ વેકેશન બાળકો અને પરિવારજનો સાથે માંણ્યુ જીવનના સાચા આનંદ સાથે વિતેલા વર્ષે જીંદગીને જીવતા પણ ચોક્કસ શીખવાડયુ.

**- નયન ત્રિવેદી**
**વેદ ઇન્ટરનેશનલ સ્કુલ**

●●●

**પરિસ્થિતિ બદલાય ત્યારે સમય પસાર કરી લેવો જરૂરી છે**

વિતેલા વર્ષ ૨૦૨૦માં માનવજીવનને ઘણુ બધુ શિખવાનુ જ



મળ્યુ છે. માણસનુ મનોબળ મક્કમ બનાવીને વિદાય લેતુ આ વર્ષ મુશ્કેલીનો સામનો કેવી રીતે કરવો તેની પુરી સમજણ અને શીખ આપીને જઇ રહ્યુ છે. પરિસ્થિતિ બદલાય ત્યારે સમય પસાર કરી લેવો જરૂરી છે. વિતેલા દિવસોએ આપણને ધીરજ કેળવતા પણ શિખવ્યુ છે. આયોજનપુર્વક કામ કરવાથી ધીરજ રાખવાથી અને હીંમત સાથે આગળ વધતા રહેવાનો અભિગમ કેળવવાની પણ આ વર્ષ આપણને શીખ આપી છે.

**- ઉમંગ વસાણી**
**ડાયરેકટર શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સે-૨૩**

●●●

**સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ સ્વચ્છતાનો પાઠ પણ આ વર્ષમાં વધુ મજબુત રીતે શીખવા મળ્યો છે**

વિતેલુ વર્ષ ૨૦૨૦ના અંતિમ દિવસો ચાલી રહ્યા છે. સમગ્ર



વિશ્વ આ વર્ષને આકરા અને વસમાં વર્ષ તરીકે ઓળખશે. કેટલાય પરિવારોની છત્રછાયા કાતિલ કોરોનાએ છીનવી લીધી છે. ભુકંપ વર્ષ, છપ્પનિયો દુકાળ, સુરત પ્લેગ અને હિરોશિમા નાગાસાકીનો બનાવ આ બધા વર્ષ કેટલાક એરિયા પુરતા સમિત છે. પરંતુ વર્ષ ૨૦૨૦નુ વર્ષ સમગ્ર દુનિયામાં કહેર મચાવનાર કોવિડ -૧૯ તરીકે ઓળખાશે. પરંતુ આ વિતેલા વર્ષમાં ઘણુ બધુ શિખવાનુ પણ મળ્યુ છે. જેમકે બિનજરૂરી ખર્ચ ઘટાડવો, વર્ક ફ્રોમ હોમ, ટેલિફોનિક બેસણા, લગ્ન સહીતના પ્રસંગોમાં ખોટા ખર્ચ ન કરીને મર્યાદિત સંખ્યામાં આયોજન કરવુ સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ સ્વચ્છતાનો પાઠ પણ આ વર્ષમાં વધુ મજબુત રીતે શીખવા મળ્યો છે.

**- લક્ષ્મણસિંહ રાજપુત, કિશોર ઇન્સ્ટીટયુટ**

●●●

**ધરતીનો છેડો ઘર અલબત્ત ઘરમાં વ્યકિત જેટલો સુરક્ષિત હોય તેટલો કયાંય ન હોઇ શકે તે પણ આ સમયમાં સાબિત થયુ છે**



હરહંમેશ હરપલ કાંઇ નવુ શિખવાનુ જ હોય છે. પરંતુ વિદાય લેતા વર્ષ ૨૦૨૦માં સમગ્ર દુનિયાને નવી નવી ઉપયોગી શીખ આપી છે. જે જીવનમાં અત્યંત ઉપયોગી થાય તેમ છે. જેમાં સૌ પ્રથમ પહેલુ સુખ તે જાતે નર્યા આરોગ્યપ્રદ ભોજન અને જીવન શૈલી, પહેલો સગો પડોશી તે કહેવત પણ આ વર્ષમાં સાર્થક થઇ છે. જયારે કોરોનાથી બચવા માટે માસ્ક પહેરવુ ફરજિયાત છે ત્યારે ચેતતો નર સદા સુખી તે વાત પણ શીખવા મળી છે. પારકી આશ સદા નિરાશ આત્મનિર્ભરનો મંત્ર અપનાવતા પણ આ સમયે શિખવ્યુ છે. અને ધરતીનો છેડો ઘર અલબત્ત ઘરમાં વ્યકિત જેટલો સુરક્ષિત હોય તેટલો કયાંય ન હોઇ શકે તે પણ આ સમયમાં સાબિત થયુ છે. માણસને ભગવાને એટલી તાકાત આપી છે કે ગમે તેવા પ્રતિકુળ સંજોગોમાં પણ રસ્તો કાઢી શકે ત્યારે મુશ્કેલીના સમયમાં ચિંતા ન કરવી પરંતુ ભગવાન પરની શ્રધ્ધા પણ વધુ મજબુત આ વર્ષમાં વિશેષ થઇ છે.

**- વાસુદેવ અજબાની, સે-૩ સી અગ્રણી**

●●●

**આ વર્ષે માનવીને અહેસાસ કરાવી દીધો કે તે કુદરત સામે કંઇ જ નથી**

૨૦૨૦નું વર્ષ એટલે અનેક અણધાર્યી પરિસ્થિતિઓથી ભરેલું



અને ઘણી બધી યાદોથી ભરેલું વર્ષ કહી શકું. આ વર્ષે માનવીને અહેસાસ કરાવી દીધો કે તે કુદરત સામે કંઈ જ નથી. આ વર્ષમાં જો કોઈ સૌથી મોટી વાત શીખી હોય તો એ છે પરિવારનું મહત્વ અને પરિવાર સાથે સમય વિતાવવાનો જેનાથી મહત્વનું બીજું કશું નથી. મેં આ વર્ષમાં ઘણું બધું ગુમાવ્યું પણ છે અને ઘણું નવું શીખ્યો પણ છું. એક જ શબ્દમાં કહું તો ૨૦૨૦નું વર્ષ એ 'અણસમજાયું' રહ્યું છતાં આ દુઃખદ સમય જરૂર વીતી જશે તેવો વિશ્વાસ છે.

**- હિરેન ચૌહાણ**

●●●

**પ્રદૂષણમાં ઘટાડો અને વન્ય પ્રાણીઓની સંખ્યામાં વધારો જેવા પ્રાકૃતિક વિકાસ થયા**

આ વર્ષ નાગરિકો માટે ખૂબ કપરું રહ્યું અને કેટલાંય



નાગરિકોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે. જો કે આ સાથે સંકટ સમયે ઓછા ખર્ચમાં કેવી રીતે જીવવું તે શીખવા મળ્યું છે. ઘણા બધાને શહેરમાં નોકરી ગુમાવતા ફરી પોતાના ગામ તરફ વળવું પડયું અને ગ્રામ્ય જીવનશૈલીને અપનાવવી પડી છે. મોટાભાગના નાગરિકોએ સરકારની ગાઈડલાઈન સાથે સહમત થઈ કોરોનાને વધુ ફેલાતો અટકાવવા પ્રયાસ કર્યો, શિક્ષણમાં ઓનલાઈનને અપનાવી ભણતર આગળ વધાર્યું, પ્રદૂષણમાં ઘટાડો અને વન્ય પ્રાણીઓની સંખ્યામાં વધારો જેવા પ્રાકૃતિક વિકાસ થયા સાથે સ્વચ્છતા અને સામાજિક અંતરને કારણે અન્ય નાની-મોટી બિમારીઓના કેસોમાં પણ ઘટાડો થયો છે.

**- જય ત્રિવેદી**

●●●

**આ વર્ષ તો જીંદગીની મોટી હાઈલાઈટ બની ગયું**

વર્ષની શરૂઆતમાં જ નવા વર્ષની મીઠી બાથ ભરવી હતી



પરંતુ એણે એવી બાથ ભરી કે પુરા વર્ષ દરમ્યાન કોઈને છટકવા મળ્યું નહીં. આમ તો આ વર્ષ દરેક વ્યકિત માટે ખૂબ અઘરું હતું એમ કહી શકાય પણ આ જ વર્ષમાં ઘણું શીખવા પણ મળ્યું જેમ કે જેને પોતાના માનતા હતા તેમના સંબંધ તો સ્વાર્થ પુરતા હતા, ઘણી બધી ચીજવસ્તુઓ વગર પણ જીવન જીવી શકાય છે તેનું ભાન થયું અને કેટલાંક એવા સંબંધ અણધાર્યા અને અમસ્તાં બની ગયાં જે એકબીજાની રગ રગ જાણવા સુધી વિસ્તરી ગયા, આ વર્ષ તો જીંદગીની મોટી હાઈલાઈટ બની ગયું.

**- રાહુલ ચૌહાણ**

●●●

**૨૦૨૦નું વર્ષ દરેક માટે કષ્ટદાયક પુરવાર થયું**

આગામી તા. ૩૧મી ડિસેમ્બરે પુરું થતું ૨૦૨૦નું વર્ષ દરેક માટે કષ્ટદાયક પુરવાર થયું છે. કોરોના મહામારીના કારણે



વ્યવસાયિક હોય કે નોકરિયાત દરેક માટે તકલીફ ભર્યું રહ્યું છે, તેમ છતાં ઘણું નવું પણ શીખવાડીને ગયું છે, ઓછી ચીજવસ્તુઓ, ઓછી કમાણી સાથે ઓછી ખરીદીમાં કેવી રીતે જીવી શકાય, જમવા-પહેરવા જેવી રોજીંદી જરૂરિયાતોમાં બહારની ચીજવસ્તુઓ પર ખર્ચા કરવાની વૃત્તિને અંકુશમાં રાખીને જીવવાનું શિખવાડી ગયું છે. આશા રાખું છું કે ૨૦૨૧નું વર્ષ દરેક માટે સુખદ બની રહેશે.

**- હિતેષ રામી**

●●●

**આ વર્ષ મોટાભાગના નાગરિકો માટે નિરાશાજનક રહ્યું**

૨૦૨૦ની સાલમાં ભારતમાં નાગરિકોએ ઘણું બધું



ગુમાવ્યું છે, કોઈ નોકરી ગુમાવી તો કોઈએ પોતાનો બીઝનેસ ગુમાવ્યો છે, ઘણા બધાએ પોતાના અંગત સ્વજન ગુમાવ્યા છે અને અનેક દુઃખદ અનુભવો કરાવી ગયું છે, સરવાળે આ વર્ષ મોટા ભાગના નાગરિકો માટે નિરાશાજનક રહ્યું છે, આશા રાખું છું કે સરકારની જાહેરાત મુજબ ૨૦૨૧ના વર્ષમાં કોરોના મહામારી સામે સફળતાપૂર્વક રસીકરણ થાય અને આ મહામારીથી છુટકારો મળે અને ફરી એજ હર્ષોલ્લાસ જીવનમાં પરત ફરે.

**- શુભમ્ બ્રહ્મભટ્ટ**